મે ઘ

॥ શ્રી ૧ ॥

સંવત ઓગણી એકસટના.

મેઘનો ભયંકર વેગ.

બનાવનાર,

વ્યાસજી મગનલાલ દયારામ પંડ્યા.

દોહરો.

ઓગણીસે એકસટમાં, આવી પરજન રેલ;
પૃથ્વીમાં પાણી તણો, ખરો મચાવ્યો ખેલ. ૧

વ્હોત ભલો નહી બોલનો, વ્હોત ભલી નહી ચુપ;
વ્હોત ભલો નહી બરસનો, વ્હોત ભલી નહી ધુપ. ૨

છપાવી પ્રસીધ કરનાર,

વ્યાસજી. છોટાલાલ સીવરામ સુકલ.

ગામ ઉવારસદના.

મોહનલાલ મગનલાલ પટેલે પોતાના

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસમાં છાપ્યો.

કીંમત રૂ. ૦—૦—૬ પાઇ.

વે ગ

(२)

મેઘની મોટાઈ.

ઠુમરી:રાગ–રથપે રઘુનંદન આવતહેં. એ.

બરખા બીન જગમે કોન બડા.
વો બડા બડા સબસે હી બડા. બરખા. ટેક.

ચૌદ લોક એહી પરજન ચાહત-
માગતહેં સબ મેઘ ઝડા. બરખા. ૧.

સુનીનર મુનીવર શેશ સનકાદીક.
ધ્યાંન ધરત હેં ખડા ખડા. બરખા. ૨.

બીજલી ચમકે જબ ઘન ગરજે.
બરસે બાદલ ગગન ચડા. બરખા. ૩.

કહેત મગન દોનુ કરજોડી.
સબરહેં ઉનકે પાઊં પડા. બરખા. ૪.

મેઘનો ભયંકર વેગ.

રાગ, સારૂ સારૂરે સુરત સેર. એ.

જુવો જુવોરે જગતના લોક, પરજન બહુ પડીયો.
થયો હરખ સમયમાં સોક, દુનીયાંને નડીયો— ટેક.
સંવત ઓગણી એકસટમાં, ઊત્તમ માસ અસાડરે,
વિશ્વ વિશે વાવેત્તર કરીયાં, માની પ્રભુનો પાડ; પરજન. ૧.
છપનાની તો ભુખ ભાગશે, તેવી રીતે વરશેરે,
ખેતીને અડચણુ નહી થાશે. આવ્યો ઘણાક વરશે. પરજન. ૧.
કરસણ ઊગી કલોલ કરતાં, દીન ઉપર દીન જાયરે,
લીલાકલાર સરખાં દીશે, સોનાંમન હરખાય; પરજન ૩.
ધમકારા બધધરૂ થયાંને, રોપ્યાની તૈયારી રે,
હવે કદી વરસાદ થાયતો, ડાંગેર પાકે સારી. પરજન. ૪.
પણ વરસાદે કર્યો વાયદો, ઊલટા થયા ઉચાટરે,
પથ્થર સરખી પૃથ્વી કીધી, ખરો બગાડયો ઘાટ, પરજન. ૫.
લોકે ગાળો દેવા માંડી, આવ્યો નહી વરસાદરે,
એવામાં તો ઓચંતાનો, મેઘે કરીયો નાદ. પરજન. ૬.
આજુ બાજુ એક પલકમાં, ગગનમાં ઘન ચડીયોરે,
ગાજવીજ ઘમઘોર કરીને, ઊંડો એ ધડધડીયો; પરજન. ૭.
સંવત ઓગણી એકસટમાં, અસાડ છઠ શનીવારે;
રેલતણો એ ખેલ મચાવા, તુટી પડવા ધારે. પરજન. ૮.

રાગ—પ્રબંધ—છંદ—કટાવ.

જોરેલ અચાનક આવી. સો ખેલ ભયાનક લાવી.
દીધો જળ જંગ મચાવી. દુનીયાં દોદેશ ડુબાવી.— ટેક.

આ ગુણી દેશ ગુજરાત તણીતો વાત કહુ જો શની દીવસ ની રાત રવી પરભાત થતામાં થયો ગણો ઉતપાત ગઈ જો ઘાત નગરજે અમદાવાદે પડીયું છે જોખમમાં જાદે ચડીયુંતું તેતો ઉનમાદે પણ મદ ઉતાર્યા વરસાદે તેતો વર્ણન કરવા આદે વિઘ્ન વિનાયક લાયક થીદે ॥ ૧ ॥ સંવત ઓગણી એકસટના અસાડ માસે છઠ શનીવારે. પુરવ પશ્ચીમ. ઊતર દક્ષીણ દીશાએ ચારે. ગગન મંડળમાં. ઘણું. ઘોર અંધારૂ કીધું.જો એ પળમાં. દવાદળ વાદળનો ગોટો. એક. પલકમાં મચીયો મોટો. જો જોતામાં. વાયુ બળથી. ઇશાન જળના. મોટા નળથી. વેગ મેઘનો ચડીયો ભારે. હવડાં હાલ ઘડી આવારે. ફુટી પડશે શું ચોધારે. પૃથ્વીમાં પાણી કયાં માશે. એવું ભાસે છે ચોપાસે. ઊંચુ જોતામાં આકાશે, આડા અવળી વાદળ નાશે. નવા જુની હવડાં. કંઇ શું કરવા ધાર્યું અવિનાશે. એવામાંતો થાશી ઓચંતાનો કડકડ કરતો. કર્યા કાટકો. જુલમ ઝાટકો. ખલક મલકમાં. ઘણા અલકમાં. ફરતો પસર્યો એક પલકમાં, સરવ મનુશ્ય નારદીપે ખટકો. અવાજ થાતામાં જીવ ફટકયો. મગજમાં મારે જેમ ઝટકો; એવો તો એ માહા ભયંકર મેઘનાદથી ઉલકાપાત થયો

અવનીમાં જાંણે જગમાં. મેરૂ ડગીચો. પતાળમાં શું શેશ શળ-
કીચો. કે આતે શું ડોલ્યા દશ દીગપાળ તત્તક્ષણ. કે માઆ
મુકી. મેરાંમણ; કે શું પ્રલય કાળની પેઠે. પૃથ્વી કંપ થયો એમ
ધારે સઉ પ્રાંણી મુખે ઊચારે. હાય હાયરે હવે વલેશી. ક્યાં.
જાવું–નાશી–ક્યાં–પેસી. અતી ઊદાસી. મ્હો વીકાશી. સઊપુર
વાસી. ગગળા થઇ કે. શ્રી અવિનાસી. દશા હમારી થાશે આવિ-
શી. ઊંચુ નીચુ અંધકારમાં. કાંઇ નવ સુજે. મનમાં મુજે. બુધિ
બુજે. એવામાં તો ફેર અચાનક મેઘરાજનુ મુળ જ્યાં સ્થાંનક.
ત્યાં આગળથી સંપી સાથે. બાર મેઘની ચડી સવારી. રથરૂપી.
વાદળની અંદર. વારી રૂપી સસ્ત્રભરીને. જાણે કારમો કોપ ક-
રીને. શત્રુની. સૈન્યા રૂપીશું. સ્રષ્ટીને દેશે સંહારી. ધારી જોતાં
તો મહાભારી વરસાદે કીધી તૈયારી; એટલાકમાં બીજી વારનો
કડડડ કરતો થયો કાટકો. ભવ્ય ભડાકે. જબર જસ્તથી. જોર
કરીને વાદળ દોડયું એક તડાકે; અવની ઊજાડ કરવા તાકે; એ
માફકતો જળ બળ છોડયું.સરરર કરતુ આકાશમાંથી. પૃથ્વી ઉપ-
ર પડવા દોડયું. એ પરમાંણે તર્ત વછોડયું. પૃથ્વી ઉપર પરજન
પડતાં જુઓ કરીએ રેલ. અચાનક ખેલ ભયાનકતે મેં જોયો. તે
તકનીતો કરી કવીતા;કહેછે પંડયા.મુશળ ધાર મેઘાભાઇ મંડયા.ખ-
લક મલકના પ્રાંણી ખંડયા. ગરીબ ગ્રહસ્તને સરખા ડંડયા; તે ત-
મ આગળ. કથુ કવિતા બનાવાં; જો રૈલ ભયાનક આવી. ।। ૧ ।।

રાગ—કુબ્જા સમરોગે રામ. એ.

મંડયા મુસળધાર મેઘાભાઇ, મંડયા મુશળ ધાર.
જળ જળ અંબાકાર, મેઘાભાઇ મંડયા મુશળ ધાર.—ટેક.
નેવામાં પાંણીના મારે, પડતુ ઘર મોઝાર. મેઘા. ૧
જળ ઉલેચી જન અકળાયે, પણ નવ આવે પાર. મેઘા; ૨
તળાઇ ગોદડાં સુખ્યાં દદડે, વસ્ત્ર અને શણુગાર. મેઘા. ૩
પેટી પટારા સરવે પલળ્યા, અનરણા કેઠર. મેઘા. ૪
ઘરમાં કોરૂ કાંઇ મળે નહી, જગ્યા પણ તલભાર. મેઘા. ૫
બહુ વાયુ વરસાદે ભાસે, પડશે આ [1]આગાર. મેઘા. ૬
ભેગી ટાઢ જુવો સરદીથી, ધ્રુજે નરને નાર. મેઘા. ૭
ચોર તણો ભય ભારે લાગે, ખખડે જ્યારે દ્વાર. મેઘા. ૮
ઘડી ઘડી દીપ ઓલવાયે, જે નીશિનો સરદાર. મેઘા. ૯
કાકા રોળ કરે છે બાળક હોરાં પડતાવાર, મેઘા. ૧૦
વાંણું વાતામાં શું થાશે, કહે મગન કીરતાર. મેઘા. ૧૧

રાગ. શાંભળ રે તુ સજની મારી. એ.

પૃથ્વી અંદર બેહદ પડીને, વરસાદે દુખ દીધુજી,
રાજનગરમાં રાડય પડાવી, અનઘટતુ સો કીધુ; પીડયા થેપાકી ટેક.
વિશ્વ વિશેતો આ વરસાદે, વાળ્યો આડો આંકજી,
મુઝાંમણુથી સર્વ મનુષ્યની, થડી મેહનીચાક. પીડયા૦ ૧

---

[1] ઘર.

શહેરની અંદર પડયો પુરંદર, મંદીર તુટી પડીયાંજી,
કર્યા પલકમાં પાયમાલ સૌ, રંકજનો બહુ રડીયાં. પીડયા૦ ૨
ધરતી જળથી ધસવા લાગી, રસ્તે પડીયા ભુવાજી,
વેગવારીથી સડખો ખોદી, થયા ભુવાના કુવા. પીડયા૦ ૩
પચી પચી બહુ રચી રચી, પાંણી પાયામાં પેઠાંજી,
એક રાતમાં મુળથી એઠાં, હજારો ઘર બેઠાં. પીડયા૦ ૪
નાના ઘરનો હીસાબ ન મળે, મોટી મોટી હવેલીજી,
ધકામોયો વાયુ હવેલી, મુળથી મેલે ઠેલી. પીડયા૦ ૫
મોટી મોટી હવેલીયોને, મોટા મોટા માળાજી,
ઘડી પલકમાં ભોંય પાથર્યા, ચુના ગચ્છી વાળા. પીડયા૦ ૬
મંદીર માહાદેવ મસીદવાડી, ખડકી ઝાઝાં ડેલાંજી,
રચી રચીને લચી રહેલાં, તે તો પડીયાં પહેલાં. પીડયા૦ ૭
ઘણાં જણાં ઘર તળે દબાયા, તેતો બુમો પાડેજી,
સગાં સબંધી મજુર લાવી, મુવાં જીવતાં કાડે. પીડયા૦ ૮
ઘર ફાડીને ભીતો ધસતિ, આગળ નિકળે ઠેકાજી,
જાણુ પડેકે જોખમ થાશે, જઇને મુકે ટેકા. પીડયા૦ ૯
ગરીબ ગૃહસ્થને સરખા કીધા, ગયાં તણાઇ તેલ કુલ્લાંજી,
ઘાંચી મોચી સરવે સરખા, કયાં કાજી કયાં મુલ્લાં. પીડયા ૧૦
કોપ કરી કોઇને નવ છોડયા, હોય રંકકે રાજાજી,
કે દુકાને માલ તણાયા જુવો, શહેરમાં ઝાઝા. પીડયા૦ ૧૧
જુવો કેડ સાસુ પાણીએ, કંદોઇ બોળે ન્હેતુંજી,

મરકી આવા ગારી મીઠાઈ, હીંડે તાણી લ્હેતુ. પીડયા૦ ૧૨
માંસુનાયકનીજ પોળમાં, ઘરમાં ભુવો પડીયોજી,
પેસી ગયો એક છોકરો અંદર, તે વખતે નાજડીયો પીડયા૦ ૧૩
ઘર ખોદીને ખોળી કાડયો, જોયો ચકીત થયેલોજી,
ત્રેણે દહાડે ટાંકામાથી, જડીયો જીવ ગયેલો. પીડયા૦ ૧૪
એકે ઠામ રહ્યા નહી ઠરવા, ઠેરઠેર વારી ભરીયુંજી,
કહે મગન એમ ઘરેઘર, નુકશાન અતીશે કરીયુ. પીડયા૦ ૧૫

રાગ. ડરમાં તું દીલસાથ છોકરા. એ.

જળજળ બંબાકાર, જગતમાં જળજળ બંબાકાર;
મેહવરસ્યો મુસળધાર, જગતમાં જળજળ બંબાકાર. ટેક.
વાયુ આ વાયેવી–જળી થાયે, ઘોર ગગનમાં ઘન ઘેરાયે,
વાદળીયો આડા અવળી જાયે, મેઘ ધડુકે મેદની માંયે;
ગર્જના સુણીને સઊ ગભરાયે, હાય હાય હવે શું થશે,
હાંરે જોઈ ભડકે નરને નાર, જગતમાં—જળજળ. ૧
જોર અતિશે–મેઘનુ દીશે, સૃષ્ટીની ઉપર શું થયો રીશે,
બેહદ વૃષ્ટી કરી વીશ્વ વિશે, મલકમાં જુવો માય ન પાણી,
વીશ્વ બધાને શું નાખશે તાણી, દશે દીશ વરસાદ વરસાદ,
હાંરે તે પડીયો અપરમ પાર, જગતમાં—જળજળ. ૨

વાવ્ય કુવાવો—નદી તળાવો, દુનીયા ડુબી થયો આઠયો દરીયો,
વિશ્વ બધો એમ વારીથી ભરીયો, ગણાં ગણાં જુવો ગામ તણાયાં;
ઝાડ ઝાઝાં મહીજાતાં જણાયાં, થોરની વાડનો પતોજ નથી,
હાંરે બીચારી વાડનો સો આધાર, જગતમાં—જળજળ. ૩
બાગ બગીચા—વાડીવજીફા, ગણી ગણી મોટી મીલો મરોડી,
ચુમનીયો વળી તેની તો ફોડી, રેલનાં ગડનાળાં નાંખ્યાં ઉપાડી;
બે દહાડા બંધ રહી જુવો ગાડી, ખેતિ વાડી તો જાણે વાવી જ નથી,
હાંરે બધુ કીધુ એકાકાર, જગતમાં—જળજળ. ૪
શેરોપરામાં—પાણી ઘરાંમાં, સર્સપુરે છાતિ સામુ રમે છે,
માધુપુરામાં માંથોડુ ભમે છે, અસારવામાં અતિશે દમે છે;
ગોમતપુરમાં તેને ગમે છે, એકે ઠેકાણું તો બાકીજ નથી,
હાંરે પ્રભુ હવે કરો કાંઈ વ્હાર, જગતમાં જળજળ. ૫
ઘરાં પડે છે—લોકો રડે છે, કૈકજણાં મહી કચરાઈ મરતાં,
આંફલાં ફાંફલાં કૈજણાં ફરતાં, કરજોડી કૈજણાં પોકાર કરતાં;
ખરા ધણીનુ એ ધ્યાનજ ધરતાં, દીનાનાથ દયા કરો દુનીયાં મરશે,
હાંરે કહે છે વ્યાસજી વારમવાર. જગતમાં—જળજળ. ૬

રાગ. પ્રબધ છંદ કટાવ.

એ રેલ અચાનક આવી, જો ખેલ ભયાનક લાવી;
કીધો જળ જંગ મચાવી, દુનીયાં દોદેશ ડુબાવી. ટેકં

જુવો હવે આ રવીવારના ચડતે દહાડે, ઓચંતાના ગણુાક ચોકો મુકી પોકો બુમો પાડે, લાંબા હાથ કરી દેખાડે, હાય હાય રે જુવો વીરા આ સહેર બારણે, બારપરામાં પાણી પેઠાં, ગોમતિપુરમાં જુઓ ઘરોઘર. સરસપુરમાં છાતી બરોબર, અસારવામાં ભર્યું સરોવર, મ્હાસાગર રત્નાકર ભરતી, જાણે ફરતી તે ધરતીમાં જળજળ બંબાકાર કરીને, દેશેશ હુકાનો ફુબાવી, શેઠ કહે સેવક બોલાવી, સીલીક ચોપડા સીર ચડાવી, તેતક લીધી જે ચીજ આવી, લઇને નાઠા પરીણામ સઉ જાણી માઠાં, કર્યા કાળજાં ગણુાક કાઠાં, એટલાકમાં જો એ પળમાં, મબલખ માલ તણાયો જળમાં, જુવો ખાંડ સાકરના થેલા, ગોળ રવાના જંગ કરેલા, ખજુરને ખારેક ભરેલા, અનાજના જોડ ખડકેલા કરીયાણાના જ્યાં મુકેલા મરચ મેથીના નહી ચુકેલા, રાઇ હળદરના ત્યાંજ ધરેલા, વરીયારીના ઠીક ઠરેલા, હીંગ મરીએ ભરી સાંધેલા, સવા સુંઠના છે નોંધેલા, તંમાકુના પંડા બાંધેલા, વળી જુઓ છે ગડા સાંધેલા, પડખે પીપરતણા પડેલા, ગંઠોડાના ઘણાચડેલા, અજમાના તેપર નાંખેલા જીરાના બહુ ખચખચેલા, શ્રીફળ ફોફળ સાથ અડેલા, એક એકની ઉપર પડેલા, એવાતો છે અનેક થેલા તે થેલાતો તાંણ્યા પેલા, તે દેખીં બહુ સેઠ રડેલા, જુવો પછીથી ઘીના ડબા ગણું કેટલા, તાંણ્યા તેને લણાય તેટલા, ગોળ ભરેલાં ગણા માટલાં, કાંટા ત્રાજવાં અને કાટલાં, પેટી ચોપડા વળી પાટલા, માંચી પાટી

ભર્યાં ખાટલા, મો જોવાનાં વળી ચાટલા સુદ્ધાં તાંણ્યાં, પાણી ઉપર દીઠાં તરતાં, એવામાં તો શેઠા કહેછે બુમો પાડી સેવકોને બહુ લોકોને, ઉંચો હાથ કરી દેખાડી, કોઇ માલ જઇ લાવો કાડી, દઇસું દામ ગણા આ દહાડી, સેવક જઇ લે માલ ઉપાડી, પણ નીકળે ક્યાં પાણી આડી, જો થેલા તો ગયાજ ફુટી, ગયાં માટલાં સર્વે ફુટી, થઇ ગઇ ચીજો સરવે છુટી, માલ કાહડવો જરા ન ફાવે, ફાંફાં મારી પાછા આવે, એવીતો ત્યાં અનેક ચીજો કીમતવાળી ગઇ તણાઇ, મ્હેનત કરતાં હાથ ન આઇ, ત્યારે છેવટ થાક્યા ભાઇ, જાણો સાબર મતી વધાઇ, માલ નદીમાં ગયો તણાઇ, એવું તો એ માધુપુરમાં પાંચલાખનું જોખમ કીધું, ઓક્યુ વતું જે જે દીધું તે લક્ષ્મિવર લેખે લીધું, પાયમાલ કર્યાજ બનાવી; એ રેલ અચાનક આવી. ૧

હવે જુવો આ કાગુપર વાગુ, પાણીતો કણીયાની દુકાને પેઠું, ફડીયાંનું ઘરબોળે બેઠું, ઘઊં બાજરો મગ મકાઇ, જુવાર દાળ જળ માંહી તણાઇ, કાંગ લાંગ મઠ અડદો માંહી, કણકણ કણીયા નું લે તે સાઇ, દાણો હાથ ન આવે ભાઇ, વણ ભુંગળે જુવો ભવાઇ. વળી જુવો આ સારંગપુર દરવાજા બારણે. પાણીતો ચકીયુ પુર છાની, ઉપર તરવા લાગી લાતી, કાટ પીટીયા કુટે છાતી, સુજ પડે ના એકે પાંતી, સરખી ચીંતા સૌને થાતી. એવામાં તો એક જણાના ઓગણ પચાસ બીંબ તણાંણા, તરતા જાતા જુવો જણાંણા, સેવકોને શેઠ કહેછે, વીરા મારા તમ મ-

હેનતમાં, જરી નહીં પડવા દેઊ વાંધો, બીમ બધાંએ મારા બાંધો, સેવકો ત્યાં લેઇ દોરડાં, પડયા દોડતા, નજરે ભાળી જતા બીમ બાંધ્યા બેતાળી, લાવ્યા કળમાં ને બહુ બળમાં, સાત બીંબતો જડયા ન મુળમાં, ગયા નદીના જબરા જળમાં. પતો મળ્યોના જરાએ પળમાં, એવું આડુ અવળુ પાણી, માલ બધો કીધો ધુળ ધાણી, ગણુંક મુડદાં ગયું જળ તાણી, મળી માછલાંને ઊજાંણી, જુવો મેઘાભાઇ જરા ન જંપે, તેથી કાયા સઊની કંપે, તે દેવું દરસાવાં એ રેલ. અચાનક આવી. ૨

રાગ મહોરમની પીટણીનો.

જુવો પેલી લાતીયો તણાતીયો,
કાટપીટીઆઓ કુટે દેખી છાંતીયોરે.
જાઓ જાઓ જરા જુવો પેલી લાતીયો તણાતીયો. ટેક.
આડે વગડેથી આવ્યુ એતો પાણી,
વાંસ વળીયોને મોભ હીંડયુ તાણી.
રમણુ ભમણુ કર્યો માલ ધુળધાણીરે, જાઓ જાઓ. ૧
પડયાં ઝુંપડાંને રૂવે મારવાડી;
નાઠા બાળકો બચાવી માલ કહાડી.
ગયા ટેકરે એ ગોદડાં ઉપાડીરે; જાઓ જાઓ. ૨

લોક પડી મહી માલ કહાડી લેતું.
પણ જોર કરે જબરૂં જળ વ્હેતું;
થાય તાણ ઘણી નીકળવા ન દેતું. જાઓ જાઓ. ૩
આવું થાસે એ પ્હેલું ન્હોતું જાણ્યું;
એક તડાકે તર્ત બધું તાણ્યું.
જેવું બન્યું તેવું વ્યાસે વખાણ્યું. જાઓ જાઓ. ૪

રાગ. પ્રબંધ છંદ કટાવ.

સોમવાર થતા પરભાતે, કાકરીયું જોવા જાતે. ટેક.

સોમવારના પ્રભાત થતાં, બની બીના સઉ જોવા જાતાં, માધુપુર ને નદી તલાવે, જન ઝાઝા તે જોવા આવે, મેળા માફક મળી મેદની. ભેળા ચાલે જરા ભેદની, વાતો કરતા જાય ખેદની, કાકરીયાની સડખે ચડીયા, સડખે મોટા બુવા પડીયા. મોતીભાઈની મીલ અગાડી, મીલતણા દરવાજા કાડી, જુવો સડખએ તોડી પાડી, પણ ત્યાં થઇને જવા જેટલી, બે જણ સાથે જાય તેટલી, સડખ જુવો એ ટકી રહી છે, તેતો ઝાઝી જીર્ણ થઇ છે, પણ સઉ જાળવી જાતા સડખે, છે ખાડા પાણીના પડખે, વ્હેતુ જળ તે ખાડામાંયે, છતાં સડખપર થઇને જાયે, ભીડયા ભીડ અતીશે થાયે, પણ કાકરીયું જોવા માટે, જાય સરવ એ વીકટ વાટે, એવામાં એક

વ્હોરાજીની આવી ગાડી મોતીબાઈની મીલ અગાડી, ઉભી રાખી પડખે કાડી, અંદરથી બે ઉતર્યા હેઠા, મહા મેહની મધે પેઠા, કાકરીયે જાવાને માટે, સઉની સાથે હીડયા વાટે, થયા જુવો આગળ વ્હોરાજી જોડે કાજી છેખુડાજી, હશેજ નક્કીજીવના પાજી, એક એકના હાથેબાજી, વાતોકરતા હાજી હાજી કહીને હીડ થઇને રાજી, મનુંસ્યની જ્યાં મેહનિ ઝાજી, તે ભેગા કાજી વ્હોરાજી, આવ્યાજીએ સાંકડી સડખે, વીચાર કર્યા વીણું હીડે પડખે, એવામાં તો બંન્ને જણુના પગત્યાં ખસીયા, ઘોરો છુટયો કે તે ધસીયા, ઊંડા ખાડામાં જઈ વસીયા, કહેડસમા પાણીમાં ફસીયા લોકો દેખી ખડખડ હસીયા, રંગના રસીયા જોવા માટે, ગણા જણા ઊભા તે વાટે, એવામાં તો ઓચંતાના ઝબકી હબકી કાજીવ્હોરાજી બે કેછે, કારોરે કોઇ કારોરે કોઈ કારો હમને પગે પડું ખાવા તમને, લોકો કેછે ડુબી જસે લ્યા, કાજીને વોરાજી આતો, કાડો જઇને કોઇ વીરાતો, વાર હવે ના કરશો બાજી, એ પરમાંથુ ઘણા લોકનો થયો હુબાળો, એવામાં એક અંગે કાળો ને રૂપાળો, પણ ખરો એ મર્દ મુછાળો, વીર વડો એ હીમત વાળો, દઇને ફાળો, ધાયો સાંમો લાંબો હાથ કરી કાજી ને વ્હોરાજીની ઝકડી પકડી ઝાલી ડાડી; વ્હોરાજી કાજી બે કેછે, વીરા મારા મુકો દારી, તમે હમારી તાંનો છોતે, તુતી જાસે, તુતી જાસે, તેમ કહ્યુ કે મુકી ડાડી, કાંડે ઝાલી, પાંણીથી અધર ઉ-પાડી, ત્યાંથી કાડી, જ્યાં આગળ ઉભી છે ગાડી, મોતીબાઈની

મીલ અગાહી, દીધા ત્યાં બેને બેસાડી.પાછળથી લોકો વેરાયા,
જુવો ખરા એ જીવ બચાયા, આયુષ્ય થકી ઊગરચાં તે. સોમ.

રાગ. સુજને ભીખ માગતી એ.

તમને નહી જગમાં જસ જરી. તમને. ટેક.
પડીયા તો કે જો બહુ પડીયા, ઓચંતા કોપ કરી. તમને. ૧
વરસો નહી તો કે ના વરસ્યા, નીરદયતા નકીજ ઠરી. ત. ૨
ગમવીણુ પુત્ર દે ગાળ પીતાને, કદી કર પીતા ન લેજ છરી. ત. ૩
દોસ હોય પણ પીતા નગણુતાં,પણ પય પાતા પ્રેમ ભરી. ત. ૪
તેમ જગ બાળકનિજ પીતા છો, વરસો વારી ફરી ફરી. ત. ૫
કરવી તમને રીસ ગટેનૈ, તમવીણુ જગ આ જાય મરી. ત. ૬
જન જેવા તેવા માં થાસો, એ મોટાની મોટાઈ ખરી. ત. ૭
કહે છે વ્યાસ મગન કરજોડી, છેલી વીનતી કરૂ કરગરી. ત. ૮

દોહરો.

પરજન વીણુ સૌ લોકતો, ઊંચુ જોતા આભ;
ઓછો કે વત્તો પડે, પણ પરજનથી લાભ.
વેગ ભયંકર મેઘનો, પૂરણ કથિયો આજ.
વંદે વ્યાસ વળી વળી, મેઘરાજ માહારાજ.

જાહેર ખબર.

છંદ. છપ્પા. કુંડળીયો મનહર, દોહરા તથા–પદગદ સદબોધ આપનારૂં આનંદ લહેરી નામનું પુસ્તક થોડા દીવ છપાઈ બ્હાર પડશે માટે જેને ગ્રાહક થવાને માટે વીચાર હતો પોતે લખી જણાવવું–અગાઊથી ગ્રાહક થનારને રૂ. ૦–૮–૦ ને પાછળથી ખરીદનારને રૂ. ૦–૧૨–૦ (પોસ્ટેજ જુદું.)

અગાઊથી ગ્રાહક થનારનાં નામ આશ્રય પત્રિકામાં અમર કરવામાં આવશે.

હમારી તરફથી મળતાં પુસ્તકો.

આનંદ લહેરી ભાગ ૧ લો.	રૂ. ૦–૧૨–૦.
ઘોડાણા ચરિત્ર.	રૂ. ૦– ૨–૦.
ઊટડીયા મહાદેવનો ગરબો.	રૂ. ૦– ૦–૬.
મેઘનો ભયંકર વેગ.	રૂ. ૦– ૦–૧.

મળવાનું ઠેકાણું રાયપુર કાપડી વાડ. મુ. અમદાવાદ.
વ્યાસજી. મગનલાલ દયારામને ત્યાંથી મળશે.